ડિસેમ્બર-૨૦૨૩

# પેન્શનર્સ પ્રકાશ

## આગામી મહિનામાં પેન્શનર્સ પ્રકાશના વિતરણ અંગેની જરૂરી માહિતી

આપણા મુખપત્ર “પેન્શનર્સ પ્રકાશ”ના પ્રકાશન અને વિતરણ અંગે પોસ્ટ ઓફિસ તરફથી મળતી આર્થિક સહાયની મુદત તા. ૩૧-૧૨-૨૦૨૩ના રોજ પુરી થાય છે. રિન્યુ કરવાની કાર્યવાહી શરૂ કરતાં જાણવા મળ્યું કે આ અગાઉ ૨૦૦૭ના વર્ષથી જે દર ત્રણ વર્ષે RNI ની સાઈટ ઉપર રિન્યુ કરવાની બાકી રહેલ છે. ઉપરાંત દર વર્ષે વિતરણ અંગેનું વાર્ષિક પત્ર RNIમાં ભરવું જરૂરી છે. જે અત્યાર સુધી ભરાયેલ ન હોઈ આપણા મુખપત્રનું લાઈસન્સ **Deactivate** દર્શાવે છે. જેને એક્ટિવ કરવાની કાર્યવાહી માટે પત્રકો/સરકારી મંજુરી/પોલિસ વેરીફિકેશન/મુખપત્રક ચાલુ હોવાના પાંચ વર્ષના પુરાવાઓ રજુ કરવાના છે. અગાઉ દર વર્ષે RNIનું વાર્ષિક પત્રક ન ભરવાને કારણે વર્ષના રૂા. ૧૦૦૦/- લેખે આપણી સંસ્થાને કુલ રૂા. ૧૭૦૦૦/-ની રકમ દંડ પેટે ભરવી પડશે. ઉપરાંત જાન્યુઆરી-૨૦૨૪થી “પેન્શનર્સ પ્રકાશ”ને પોસ્ટ ઓફિસ તરફથી મળતી સહાય બંધ કરવામાં આવશે. અમોએ આ અંગે છેલ્લા ત્રણ મહિનાથી જરૂરી સંસ્થાઓ સાથે વાટાઘાટો અને પ્રક્રિયા ચાલુ કરેલ છે. પરંતુ પરિણામ આવતા કદાચ થોડો સમય લાગશે, તો બે-ત્રણ મહિના સુધી “પેન્શનર્સ પ્રકાશ”ના વિતરણમાં મળતી સહાય સિવાય આપને “પેન્શનર્સ પ્રકાશ” નિયમિત મળતું રહે એવા અમારા પ્રયત્નો છે. જે આપની જાણ ખાતર.

અવિરત આપની સેવામાં.

**સંપાદક/ટીમ એસબીઆઈપીએ**

Dear Friends,

As mentioned in the last edition of Pensioners' Prakash, two major milestones have been achieved by our organisation. These are:

1. 100% DA neutralisation for those who retired before 31st October 2002, and;
2. Increase in Pension from 40% of last drawn salary to 50% of the same.

While the Bank has already given effect to DA neutralisation for the eligible pensioners while disbursing pension for the month of November 2023, the Government has now directed SBI to submit amendments to SBI PensionRegulations for payment of Pension at the rate of 50% of last drawn salary for everyone,thus doing awaywith the formula of 50/40. This process will require amendments to Pension Rules by the Central Board of the Bank who are the Trustees of Pension Fund. These amendments will be sent by the Bank to the Ministry for their approval. After the approval, the Revised Regulation shall be published in the Gazette. Only after that, the revised Pension will be payable. We request the members to be patient.

Friends, these two resolutions of the long pending issues have not been wrested with ease. Our senior retired colleague Shri Umesh Sharma(retired Dy. General Manager of SBI) showed the courage to file writ petition in the Hon'ble Supreme Court with support from few other colleagues and almost after a decade, the judgement has been given by the Hon'ble Supreme Court recently. In the efforts of Shri Umesh Sharma, SBI Officers' Federation as also the SBI Employees' Federation along with the SBI Pensioners' Federation played a very constructive role all through the hearings etc. The final support was lent by our present Chairman Shri Dinesh Khara in quickly following up the matter with the Board of SBI and the Finance

વર્ષ-૧૬ • અંક : ૧૨
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

Ministry. So five pronged efforts finally paid off. We, the Ahmedabad Circle Pensioners' Association sincerely acknowledge these efforts of all five (two individuals and three mighty organisations mentioned above) for their unflinching efforts in this matter and thank them for the same.

Friends, however, the struggle is likely to continue further as there appears to be selective interpretation of the judgement of the Hon'ble Supreme Court by the Department of Financial Services (DFS) who have approved payment of Pension progressively.As per the experts' interpretation of the judgement, the Pensioners are eligible for the revised Pension from their respective date of retirement meaning each of the pensioners is eligible for substantial arrears as the judgement directs the Finance Ministry "to rectify the Anomaly" and therefore our demand is to pay the revised Pension from the respective date of retirement of each pensioner. In the month of January 2024, when the Hon'ble Supreme Court is likely to review the implementation of its judgement, Shri Umesh Sharma is likely to seek clarity on the "Anomaly" sought to be rectified in the said judgement. Let's hope that the Pensioners will not be disappointed and will not be deprived of their legitimate right to get the arrears from their respective date of retirement. Even ifit's a long drawn battle, the petitioners backed by all the three Federations are unlikely to give up on their efforts. As all of you are aware, litigation has its cost in terms of time and money. While we will certainly enjoy the fruits of the efforts in the form of increased Pension progressively, to get the benefit of the arrears, we may have to contribute handsomely for the same as and when appeal for raising the fund is made. We are sure, Ahmedabad Circle Pensioners will surely chip in at the appropriate time.

Let's celebrate together our first success and keep our hope and faith in the judiciary and the benevolent management alive till we get the final breakthrough.

**Two important reminders:**

a. Those who have not submitted their Life Certificates are requested to complete the process of submission of the same without any loss of time. In case of any difficulty, please get in touch with our Regional representatives for any assistance in the matter.

b. Renewal of Policy B will be due shortly in the next few days. We urge upon members to renew the policy immediately to continue to avail the benefits under the policy terms and conditions. On receipt of Bank's guidelines in this regard, we shall approach you.

We take this opportunity to wish all our members as also the readers of Pensioners' Prakash a very Happy and Prosperous 2024.

**Kamal Kadri**-Editor

---

પ્રિય મિત્રો,

પેન્શનર્સ પ્રકાશના ગત અંકમાં ઉલ્લેખ કર્યા મુજબ, આપણી સંસ્થાના પ્રયત્નો થકી બે મોટા સીમાચિન્હો પ્રાપ્ત કરવામાં સફળતા મળી છે. જે નીચે મુજબ છે.

૧) ૩૧મી ઓક્ટોબર-૨૦૦૨ પહેલા નિવૃત્ત થયેલા પેન્શનરો માટે ૧૦૦% ડી.એ. ન્યુટ્રલાઈઝેશન અને

૨) અન્ય બેંકોની જેમ નિવૃત્તીના બેઝીક પગારના ૪૦% પેન્શનને બદલે ૫૦% પેન્શન મેળવવું.

બેંકે નવેમ્બર-૨૦૨૩ મહિના માટે પેન્શનનું ચુકવણી કરતી વખતે ૨૦૦૨ પહેલાના પેન્શનરો માટે ડી.એ. ન્યુટ્રલાઈઝેશન કરવામાં આવ્યું.

ભારત સરકાર દ્વારા હવે દરેક માટે નિવૃત્તિના બેઝીક પગારના ૫૦%ના દરે પેન્શનની ચુકવણી માટે એસબીઆઈ પેન્શન રેગ્યુલેશનમાં સુધારા કરવા એસબીઆઈને નિર્દેશ આપી પેન્શનની વિસંગતતા દૂર કરવા જણાવ્યું છે. આ પ્રક્રિયા માટે બેંકના સેન્ટ્રલ બોર્ડ દ્વારા પેન્શન નિયમોમાં સુધારાની જરૂર હતી કે જે પેન્શન ફંડના ટ્રસ્ટી છે. આ સુધારાઓને

બેંક દ્વારા તેમની મંજૂરી માટે સરકારના નાણા મંત્રાલયને મોકલવામાં આવ્યા. મંજુરી પછી સુધારેલ નિયમ ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવ્યા અને આવતા પેન્શનમાં એની ચૂકવણી થશે.

મિત્રો, લાંબા સમયથી પડતર પ્રશ્નોના આ બે ઠરાવો આસાનીથી ઉકેલાયા નથી. આપણા વરિષ્ઠ નિવૃત્ત સાથીદાર શ્રી ઉમેશ શર્મા (એસબીઆઈના નિવૃત્ત નાયબ જનરલ મેનેજર) એ કેટલાક અન્ય સાથીદારોના સમર્થનથી માનનીય હાઈકોર્ટમાં રીટ દાખલ કરવાની હિંમત બતાવી અને લગભગ એક દાયકા પછી, તાજેતરમાં માનનીય હાઈકોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો છે. શ્રી ઉમેશ શર્માના આ પ્રયાસોમાં, એસબીઆઈ ઓફિસર્સ ફેડરેશન તેમજ એસબીઆઈ એમ્પ્લોઇઝ ફેડરેશન તેમજ એસબીઆઈ પેન્શનર્સ ફેડરેશન, આ તમામ સાથીદારો એ સુનાવણી દરમિયાન ખૂબ જ રચનાત્મક ભૂમિકા ભજવી સાથ આપ્યો હતો. સ્ટેટ બેંકના વર્તમાન અધ્યક્ષ શ્રી દિનેશ ખારા દ્વારા પણ આખરી સમર્થન આપી એસબીઆઈના બોર્ડ અને નાણા મંત્રાલય આ મામલે ઝડપથી ફોલોઅપ કરેલ. તેથી પાંચ જણાના પ્રયત્નો આખરે સફળ થઈ રહ્યા. આપણે અમદાવાદ સર્કલ પેન્શનર્સ એસોસિએશનના તમામ સભ્યો અને હોદ્દેદારો આનો નિષ્ઠાપૂર્વક સ્વીકાર કરી તેમના માટે આભાર અને અભિનંદન પાઠવીએ છીએ.

ઉપર જણાવેલ સંસ્થા/અને મહાનુભાવોના અથાગ બે વ્યક્તિએ અને ત્રણ શક્તિશાળી સંસ્થાઓ) પ્રયાસો બદલ એમને અભિનંદન સહ આભાર.

મિત્રો, તેમ છતાં સંઘર્ષ વધુ ચાલુ રહેવાની શક્યતા છે કારણ કે ભારત સરકારના નાણા મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્સિયલ સર્વિસીસ (ડીએફએસ) દ્વારા માનનિય હાઈકોર્ટના ચૂકાદાનું પસંદગી યુક્ત અર્થઘટન કરવામાં આવ્યું છે, જેમણે પેન્શનની ચુકવણીને પાશ્ચાદ્ અસરને બદલે ભાવી અસરથી મંજૂરી આપી છે. નિષ્ણાંતોએ આ ચુકાદાના કરેલ અર્થઘટન મુજબ, પેન્શનરો તેમની નિવૃત્તિની સંબંધિત તારીખથી સુધારેલ પેન્શન માટે હક્કદાર છે એટલે કે દરેક પેન્શન ધારકોને નોંધપાત્ર બાકી રકમ પાશ્ચાદ્ અસરથી મળવા પાત્ર છે કારણ કે ચુકાદો નાણા મંત્રાલયને "વિસંગતતા દૂર" માટે નિર્દેશ આપે છે અને જેથી આપણી માંગ દરેક પેન્શનરની નિવૃત્તિની તારીખથી સુધારેલ પેન્શન ચૂકવવાની છે. જ્યારે માનનીય સર્વોચ્ચ અદાલત તેના ચુકાદાના અમલીકરણની સમીક્ષા કરે તેવી શક્યતા છે, ત્યારે શ્રી ઉમેશ શર્મા આ અંગે અર્થઘટનથી આવેલી "વિસંગતતા" અંગે સ્પષ્ટતા માંગે તેવી શક્યતા જણાય છે. ચાલો આશા રાખીએ કે આપણે નિરાશ નહીં થઈએ અને તેમની નિવૃત્તિની તારીખથી બાકી રકમ મેળવવાના તેમના કાયદેસરના અધિકારથી વંચિત નહીં રહે. જો કે લડાઈ લાંબી હોય છે આપ બધા જાણો છો તેમ, મુકદ્દમાનો સમય અને નાણાંની દૃષ્ટિએ ખૂબ ખર્ચાળ હોય છે. જ્યારે આપણે નિશ્ચિતપણે ઉત્તરોત્તર વધારાના પેન્શનના રૂપમાં, પ્રયત્નોથી લાભ માણીશું અને બાકીના લાભો પણ મેળવવાના છે, જ્યારે ઉપરોક્ત ખર્ચને પહોંચી વળવા માટે ફંડ એકત્ર કરવા માટે અપીલ કરવામાં આવે ત્યારે આપ ઉદાર હાથે ફાળો આપો એ જરૂરી છે. અમને ખાતરી છે કે, અમદાવાદ સર્કલના પેન્શનરો ચોક્કસ સકારાત્મક રીતે આગળ આવી અમારી હાકલને વધાવી લેશે.

ચાલો સાથે મળીને આપણી સફળતાની ઉજવણી કરીએ.

**બે મહત્વપૂર્ણ રીમાઈન્ડર્સ :**

એ) જેમણે તેમના હયાતી પ્રમાણપત્ર સબમિટ કર્યા નથી તેઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સમય ગુમાવ્યા વિના, તે સબમિટ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરે. કોઈપણ મુશ્કેલીના કિસ્સામાં, આ બાબતે કોઈપણ સહાયતા માટે કૃપા કરીને અમારા પ્રાદેશિક પ્રતિનિધિઓનો સંપર્ક કરો.

બી) પોલિસી 'બી'નો સરક્યુલર તા. ૨૫મી ડિસેમ્બર સુધીમાં ઈસ્યુ થવાનો છે. આ અંકમાં પોલિસી 'બી'ની વિગતવાર માહિતી આપવામાં આવી છે. અમે સભ્યોને પોલિસીના નિયમો અને શરતો હેઠળ લાભ મેળવવાનું ચાલુ રાખવા માટે તરત જ પોલિસીને રિન્યુ કરવા વિનંતી કરીએ છીએ.

તમામ સભ્યો તેમજ વાચકોને વર્ષ-૨૦૨૪માં અમો શુભેચ્છા પાઠવીએ છીએ. ૨૦૨૪નું વર્ષ સહુંને સ્વાસ્થ્યપ્રદ અને મંગળમય રહે તેવી શુભેચ્છા.

**કમાલ કાદરી - સંપાદક**

## અભિનંદન

### શ્રી વિજય કર્પેને નેશનલ ગેમ્સ માટે ગુજરાતના ચીફ ડી મિશન તરીકે વરણી

ગોવા ખાતે ઓક્ટોબર-નવેમ્બર દરમ્યાન યોજાયેલ નેશનલ ગેમ્સમાં પેન્શનર પરિવારના અને ગુજરાત હોકીના સેક્રેટરી શ્રી વિજય કર્પેની ગુજરાતના ચીફ ડી મિશન તરીકે વરણી કરવામાં આવી હતી. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન **શ્રી કર્પેને** હાર્દિક અભિનંદન પાઠવે છે.






હિરા પારખું કરતાં પિડા પારખું ઉત્તમ હોય છે.


Eye-care Hospital
ફ્રી
આંખની
તપાસ
દર ગુરુવારે
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
(અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત)
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
PRE ACCREDITED
• CATARACT • GLAUCOMA
• LASIK • RETINA
• CORNEA • OCCULOPLASTY
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ ડૉ. શ્યામલ રાવલ
ડૉ. આંશી રાઠોડ
સમય : સવારે 9.00 થી 12.00,
બપોરે 3.00 થી સાંજે 6.30 વાગ્યા સુધી
Eye-care Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન : ૯૮૨૪૦૮૬૬૧૧
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com

## અભિનંદન



તા. ૧૧-૧૨-૨૦૨૩ના રોજ લુણાવાડા મુકામે "પરખ ફાઉન્ડેશન"ના મેનેજીંગ ટ્રસ્ટી આદરણીય શ્રી રામજીભાઈ વણકર (શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા, આંબેડકર એવોર્ડ વિજેતા-ગુજરાત સરકાર) અને શ્રી પ્રવિણભાઈ પટોળાવાળાના હસ્તે આપણાં એસોસીએશનના ઉપપ્રમુખ શ્રી પી. જી. પારઘી દ્વારા થયેલા સામાજિક કાર્યોની નોંધ લઈને તેમને "સમાજ રત્ન" એવોર્ડથી નવાજવામાં આવ્યા. આ પ્રસંગે જાણીતા કટાર લેખક, સાહિત્યના શિરમોર એવા પદ્મશ્રી પ્રોફેસર ડો. પ્રવિણ દરજી ઉપરસ્થિત રહ્યાં હતા. એસબીઆઈપીએ ઉપપ્રમુખ શ્રી પી. જી. પારઘીને હાર્દિક અભિનંદન સાથે શુભેચ્છા પાઠવે છે.

## અભિનંદન



એસબીઆઈ પેન્શનર્સ પરિવાર-ના સદસ્ય શ્રી ડી. વી જોશીની ૧૩ વર્ષીય પૌત્રી **યશ્વી દર્શિત શાહે** એમ્બે વેલી ગોલ્ફ ખાતે યોજાયેલી વેસ્ટર્ન ઈન્ડિયા આઈ.જી.યુ. ગોલ્ફ ટુર્નામેન્ટમાં ત્રણ મેડલ મેળવ્યા. જેમાં બેસ્ટ સ્કોર ઓવર ઓલ અને બેસ્ટ ડ્રેસ ગોલ્ફરનો સમાવેશ થાય છે. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન હાર્દિક અભિનંદન પાઠવે છે.

## અભિવાદન



એસબીઆઈ પેન્શનર્સ પરિવારના શ્રી પ્રમોદરાય આર. શાહ કે જેઓની ઉંમર ૯૦+ની છે તા. ૨-૧૨-૨૦૨૩ના રોજ તેઓનું, એમના નારણપુરા સ્થિત નિવાસસ્થાને જઈને એસોસીએશનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી અને કારોબારી સદસ્ય સર્વશ્રી અરવિંદ બથવાર, અંબરીષ હાથી દ્વારા શાલ ઓઢાડી, મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું અને શાહ પરિવારે આ તકે સભ્યોની ખેવના રાખવા બદલ સંસ્થાના તમામ હોદ્દેદારોનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા.

## અભિનંદન



આપણા પેન્શન પરિવારના નિવૃત્ત ચિફ મેનેજર એસબીઆઈ ઓફિસર્સ એસો-સીએશનના અમદાવાદ સર્કલના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી જે. સી. મોદીની એસબીઆઈ અમદાવાદ સર્કલ માટે એડવોકેટ પેનલમાં પસંદગી કરવામાં આવી છે. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન અમદાવાદ સર્કલ તેમને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

SBI

DENTAL CARE IMPLANT AND LASER CENTER

DR.DEVAL TRIVEDI

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM to 3:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS and SBI EMPLOYEES
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS,SBI Employees AND THIER FAMILY MEMBERS,AHMEDABAD

# મંથલી મિટીંગ




એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન-અમદાવાદ દ્વારા નવેમ્બર મહિનાની મંથલી મિટીંગ તા. ૨૨-૧૧-૨૦૨૩ના રોજ એસબીઆઇ-એલએચઓ ખાતે યોજાઇ. આ મિટીંગમાં એડવાન્સ ઓર્થોપેડીક હોસ્પિટલના ડો. જતીન વડોદરીયા (એમ.એસ.ઓર્થો) દ્વારા Osteoarthritis knee and treatment અંગે પ્રેઝન્ટેશન દ્વારા ઘૂંટણના દુઃખાવાના કારણો તેમજ દરેક સ્ટેજની જાણકારી, તેના ઉપાયો, ક્યાં સંજોગોમાં ઓપરેશન કરાવવું તેમજ ઓપરેશન બાદની વિશેષ સારવારની જાણકારી આપી હતી. સાથે સાથે વિક્રમ સંવત ૨૦૮૦ના નવા વર્ષની શરૂઆતની પહેલી મિટીંગ હોઇ તમામ પેન્શનર્સ મિત્રો સ્નેહમિલન રૂપે એકબીજાને મળીને પરસ્પર પ્રેમની અભિવ્યક્તિ કરી હતી. આ મિટીંગમાં પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીજીની સાથે





ઉપપ્રમુખ સર્વશ્રી પી. જી. પારઘી, ચિંતક પટેલ, જોઇન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી ગુણવંત પટેલ, કાંતિલાલ પરમાર, રમણભાઇ વાઘેલા, ડીજીએસ અમદાવાદ મોડ્યુલના શ્રી મુકેશ દવે, ટ્રેઝરર શ્રી રવી સોલંકી, કમિટી મેમ્બર્સ સર્વશ્રી એ. કે. બથવાર, અમરીશ હાથી, જિકેશ પટેલ, આર. વી. મકવાણા, હિમાંશુ શાહ ઉપરાંત ખૂબ જ બહોળી સંખ્યામાં પેન્શનર્સ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ તાજેતરમાં પેન્શનર્સ માટે મળેલી મોટી સફળતાઓમાં ૩૧-૧૦-૨૦૦૨ પહેલાંના પેન્શનર્સ મિત્રો માટે ૧૦૦% ડી.એ. ન્યુટ્રીલાઇઝેશન, ઓફિસર્સ કેટેગરીમાં નિવૃત્ત થયેલ પેન્શનર્સમિત્રોને પેન્શનના બેઝીકના ૪૦% માંથી ૫૦% થયેલ વધારા બાબતે વિસ્તૃત માહિતી આપી હતી.

---



# જન્મદિવસની હાર્દિક શુભકામના

એસબીઆઇ અમદાવાદ ઝોનલ ઓફિસના ડીજીએમ શ્રી મિથિલેશકુમારનો તા. ૨૬-૧૧-૨૦૨૩ના રોજ જન્મ દિવસ હતો. તેમને એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, જોઇન્ટ જનરલ સેક્રેટરી શ્રી રમણભાઇ વાઘેલા, ટ્રેઝરર શ્રી રવી સોલંકી, કમિટી મેમ્બર સર્વશ્રી એ. કે. બથવાર, સુભાષ પટેલ વિગેરે જન્મ દિવસની શુભકામનાઓ પાઠવી રહ્યાં છે.

# "દીકરાનું ઘર" વૃદ્ધાશ્રમ અને પાણ પરિવાર આયોજિત રાજકોટ ખાતે "વહાલુડીના વિવાહ-૬" લગ્નોત્સવમાં ૨૫ વહાલી દીકરીઓના લગ્ન ધૂમધામ અને શાહીઠાઠથી સંપન્ન થયા

## આપણા પેન્શનર્સ પરિવાર-રાજકોટ યુનિટના અમૂલ્ય રત્ન શ્રી અનુપમભાઈ દોશી અને શ્રી મુકેશભાઈ દોશીને કે જે આયોજકો હતા તેમને હાર્દિક અભિનંદન



"દીકરાનું ઘર" દ્વારા સતત છઠ્ઠા વર્ષે માતા-પિતાની છત્રછાયા ગુમાવેલ જરૂરિયાતમંદ ગરીબ પરિવારની દીકરીઓનો સમૂહ લગ્નોત્સવ "વહાલુડીના વિવાહ"નું જાજરમાન આયોજન રાજકોટની ભાગોળે આવેલ વિશ્વા પાર્ટી પ્લોટ ખાતે કરવામાં આવ્યું હતું. આ લગ્નોત્સવમાં આ વર્ષે ૨૫ દીકરીઓ કે જેના જીવનમાંથી મા-બાપ સમાન મેઘધનૂષરૂપી રંગો ઈશ્વરે છીનવી લીધા છે તેવી દીકરીઓના જીવનમાં દાંપત્ય જીવનના સુખની રંગોળી કરવાનું સુખ અને સૌભાગ્ય આપવામાં નિમિત્ત બનવાનો આ મંગલકારી પ્રસંગ ધામધૂમથી, જાજરમાન રીતે શાહી ઠાઠ-માઠથી ઉજવાઈ ગયો જે બદલ ધન્યતાની લાગણી અનુભવી.

બપોરે જાન આગમન સાથે આ પ્રસંગનો શુભારંભ થયો. સંસ્થા પરિવાર દ્વારા બધી જાન અને દીકરીઓના પરિવારનું આનંદ અને ઉમળકાથી સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું. સાંજે ૬ વાગે રાષ્ટ્રધ્વજ ફરકાવી સમૂહમાં રાષ્ટ્રગાન કરવામાં આવ્યું. લગ્ન પરિસરમાં શ્રીનાથજી ભગવાનના અન્નકૂટ દર્શન અને રાધાકૃષ્ણની પ્રતિકૃતિ અને હિંડોળા દર્શન રાખવામાં આવ્યા. આ ઉપરાંત દીકરીઓને ૨૫૦થી વધુ ચીજવસ્તુઓનું ફર્નિચર, સોના-ચાંદીના દાગીના, કપડા, વાસણ, ફ્રીઝ, સીલાઈ મશીનની સાથે અનાજ અને કરિયાણાની ચીજવસ્તુઓ સહિતનો સમૃદ્ધ કરિયાવર તરીકે આપવામાં આવ્યો. લગ્ન મંડપમાં દીકરીઓના હસ્તમેળાપ વખતે ભવ્ય આતસબાજી કરાવામાં આવી. આ દૃશ્ય જાણે તમામ સૌભાગ્યશાળી દીકરીઓ ઉપર આકાશમાંથી જાણે તેત્રીસ કરોડ દેવીદેવતાઓ પુષ્પવર્ષા કરી અમૂલખ આશિર્વાદ વરસાતા હોય તેવું દીવ્ય અને અલૌકિક વાતાવરણ રચાવા પામ્યું હતું અને હાજર સર્વે મહેમાનો અને મહાનુભાવોની આંખોમાં હર્ષની લાગણીઓ વહેવા લાગી હતી અને સૌએ આ પ્રસંગને તાળીઓના ગડગડાટથી વધાવ્યો.

યુવાનો માટે સેલ્ફી પોઈન્ટ પણ બનાવવામાં આવ્યો હતો. પ્રસંગને અનુરૂપ લગ્નગીતોની રમઝટ અને ફટાણાના ગાન વચ્ચે શ્લોકોનું પઠન, દેવોનું પૂજન અને ભવનની વેદીમાં આકૃતિઓ સહિતની હિન્દુ ધર્મ પ્રમાણે સંપૂર્ણ વૈદીક અને શાસ્ત્રોક્ત વિધી કરવામાં આવી. દીકરીઓને કરિયાવર સ્વરૂપે આપવામાં આવનાર ૨૫૦ થી વધુ વસ્તુઓનું આણાં દર્શન અને દાંડીયા રાસની સાથે દીકરીઓ ઉપરના એક લાગણીસભર કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું. રાજકોટ શહેરના મેટોડાના જાણીતા ઉદ્યોગપતિશ્રી ધરમશીભાઈ સીતાપરા પરિવાર દ્વારા આ લગ્નોત્સવની તમામ ૨૫ દીકરીઓને એક એક તોલા સોનાની








ભેટ પણ આપવામાં આવી હતી. દીકરાનું ઘર પરિવારને અત્યાર સુધીમાં કુલ ૧૩૮ દીકરીઓના માતા-પિતા અને પરિવાર બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આ ઉપરાંત અગાઉ યોજાયેલ પાંચ સમૂહ લગ્નની કુલ ૧૧૩ દીકરીઓને પણ આ લગ્નોત્સવમાં ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. દીકરાનું ઘર પરિવારના દરેક કાર્યકર્તાઓનું ટીમવર્ક અને છેલ્લા છ માસથી વધુ સમયની મિનિ માઈક્રો પ્લાનીંગ મુજબનું અદ્‌ભૂત અને બેનમૂન આયોજન જોઈ અને માણી સમગ્ર આમંત્રિત પરિવાર અને મહાનુભાવો પાસે અભિભૂત થયા અને આયોજનને વર્ણવા શબ્દો સક્ષમ નહોતાં. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, ઉપપ્રમુખ સર્વશ્રી પી.જી. પારઘી, ચિંતક પટેલ, જો.જનરલ સેક્રેટરી શ્રી રમણ વાઘેલા, કમિટી સદસ્ય શ્રી એ. કે. બથવાર, વિગેરે ઉપસ્થિત રહીને નવદંપત્તિને આશિર્વાદ આપ્યા હતા. સાથે એસબીઆઈ પેન્શનર્સ પરિવારના રાજકોટના રત્ન શ્રી અનુપમભાઈ દોશી અને શ્રી મુકેશભાઈ દોશીને તેમના આ સફળ આયોજન બદલ દિલથી અભિનંદન પાઠવ્યા.

“દીકરાનું ઘર” વૃદ્ધાશ્રમના સર્વશ્રી મુકેશ દોશી, સુનિલ વોરા, નલિન તન્ના, અનુપમ દોશી, કિરીટ આદ્રોજા ની સાથોસાથ આ પ્રસંગના મુખ્ય યજમાન પાણ પરિવાર સર્વશ્રી મનસુખભાઈ પાણ, અરવિંદભાઈ પાણ, ચિરાગભાઈ પાણ અને ડો. અનિલભાઈ પટેલ અને ધરમશીભાઈ સીતાપરા પરિવાર સહિત દીકરાનું ઘર પરિવારની કોર કમિટી સહિત ૨૦૦ થી વધુ ભાઈ-બહેનોની કાર્યક્ષમ કાર્યકર્તાની ટીમ તેમજ શ્રીમતી આર. ડી. ગાર્ડી કોલેજ ઓફ એજ્યુકેશનનો સમગ્ર સ્ટાફ પરિવાર અને બી.એડ.ના વિદ્યાર્થીઓએ સમગ્ર પ્રસંગને દીપાવવા સતત પરિશ્રમ અને જહેમત ઉઠાવી હતી.

વહાલુડીના વિવાહના અને પ્રસંગને દીપાવવા અને સુંદર રીતે પાર પાડવામાં સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત “દીકરાનું ઘર” વૃદ્ધાશ્રમના શ્રી મુકેશભાઈ દોશી અને આપણા પેન્શનર પરિવાર રત્ન શ્રી અનુપમભાઈ દોશીને એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવે છે. તેમજ દર વર્ષે અને હર હંમેશા આવો જ ઉમળકા સાથે આવા કાર્યક્રમો કરતા રહે તેવી આશા-અભિલાષા સાથે ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવીએ છીએ.





# એસબીઆઈપીએ-સ્ટ્રક્ચર મિટીંગ અમદાવાદ સર્કલ




એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન, અમદાવાદની સ્ટ્રક્ચર મિટીંગ તા. ૧૫-૧૨-૨૦૨૩ના રોજ એસબીઆઇ કોન્ફરન્સ રૂમ, ૮મા માળે, એલ.એચ.ઓ. બિલ્ડીંગ ખાતે યોજાઇ. આ મિટીંગમાં એસબીઆઇ અમદાવાદ સર્કલ સીજીએમ શ્રી ક્ષિતિજ મોહન સાહેબ, શ્રી પ્રણવ રંજન દ્વિવેદી-જી.એમ.(નેટવર્ક-૨), શ્રી શૈલેષ ઉન્નીથન-જી.એમ.(નેટવર્ક-૧), શ્રી ગોપાલ ઝા-જી.એમ.(નેટવર્ક-૩), શ્રી વિક્રમ ઝા-ડીજીએમ એન્ડ સીડીઓ, શ્રી હિતેશ બારોટ-એજીએમ (એચઆર), શ્રી સુબ્રતા આર. દાસ-એજીએમ (પીપીજી), શ્રી સત્યેન્દ્રકુમાર સોની-સી.એમ.(આઇ.આર.), એસબીઆઇપીએના શ્રી આર. એન.ચોક્સી-પ્રમુખ, શ્રી કમાલ કાદરી-જનરલ સેક્રેટરી, ઉપ્રભમુખ સર્વશ્રી પી. જી. પારઘી, ચિંતક પટેલ, સુભાષ પટેલ, જોઇન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, ગુણવંત પટેલ, કાન્તીલાલ પરમાર, ઓર્ગેનાઇઝ સેક્રેટરી શ્રી કે. વી. શાહ, ટ્રેઝરર શ્રી રવી સોલંકી, આસી. ટ્રેઝરર શ્રી જગત પટેલ, ડે.પ્યુટી જનરલ સેક્રેટરી (અમદાવાદ એડમિન) શ્રી મુકેશ દવે, ડે. જનરલ સેક્રેટરી (ભાવનગર-એડમિન) શ્રી રાજેન્દ્ર સલોટ, ડે. જનરલ સેક્રેટરી (ગાંધીનગર એડમિન) શ્રી વસ્તાભાઇ વણકર, ડે. જનરલ સેક્રેટરી (રાજકોટ એડમિન) શ્રી શરદ દવે, ડે. જનરલ સેક્રેટરી (વડોદરા એડમિન) શ્રી સુધીર જાની ઉપસ્થિત રહ્યાં હતા.

મિટીંગની શરૂઆતમાં ડીજીએમ એન્ડ સીડીઓ શ્રી વિક્રમ ઝાએ સીએમસી તથા તમામ એસબીઆઇપીએની ટીમનું શબ્દો તેમજ ફૂલોથી સ્વાગત કર્યું. પ્રમુખશ્રી આર. એન. ચોક્સી સાહેબે પોતાની સ્પીચમાં સીએમસીનો આભાર વ્યક્ત કર્યો તેમજ ડી.એ. ન્યુટ્રીલાઇઝેશન અને પેન્શનના બેઝીકમાં ૪૦% થી ૫૦% વધારા બાબતે વાત કરી અને મેનેજમેન્ટનો આ બંને બાબતમાં ખૂબ જ સહકાર સાંપડ્યો એ વાતને સમર્થન આપી પોતાની વાત પુરી કરી.

જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે વર્ષમાં બે વાર સીડ્યુલ પ્રમાણે સ્ટ્રક્ચર મિટીંગના આયોજન માટે રજુઆત કરી. વધુમાં મેડીકલ પોલિસી “એ”માં ડોમિસીલીયરીનો ક્લેઇમ જે પોલિસીના ૧% પ્રમાણે મળે છે તેને ૫% સુધી વધારવા માટેની દરખાસ્ત રજુ કરી. પોલિસી “બી”ના પ્રિમિયમ માટે મેરેન્જર કેડરને લોન આપવા માટેની ભલામણ કરી. બેંકની ગોલ્ડન જ્યુબીલીમાં ૭૫ વર્ષની ઉપરના પેન્શનરોને સેલ્યુટ દ્વારા સન્માન કરવામાં આવ્યું. પરંતુ ૬૦ થી ૭૫ વર્ષની વયના પેન્શનરો લાભથી વંચિત રહ્યાં હોય તેમને પણ સન્માનિત કરવામાં આવે તે વાત રજુ કરી. સાથે ઘણાં લાંબા સમય બાદ સ્ટ્રકચર મિટીંગના આયોજન બદલ સીએમસીનો આભાર વ્યક્ત કર્યો. જી.એમ. (નેટવર્ક-૩) દ્વારા તમામ કર્મચારી અને ઓફિસર પણ એક દિવસ પેન્શનર બનવાના છે. વધુમાં બેંકીંગ લેવલે તમામ પેન્શનરોની કાળજી લેવામાં આવે. અને ડિસ્પેન્સરી બાબતે જે રજુઆતો થઇ છે તે બેંકના નોમ્સ પ્રમાણે જરૂરથી કરવામાં આવશે.

શ્રી પ્રણવ રંજન દ્વિવેદી-જીએમ (નેટવર્ક-૨)એ જણાવ્યું કે પેન્શનરો દ્વારા બેંકના નવા બિઝનેસમાં યોગદાન મળે તેવી ઇચ્છા વ્યક્ત કરી. બેંક લેવલે કોઇપણ મુશ્કેલી બાબતે કે મેનેજમેન્ટના ધ્યાન ઉપર લાવવાની વાત કરી.

સીજીએમ શ્રી ક્ષિતિજ મોહન સાહેબ દ્વારા જણાવાયું કે પેન્શનરો સ્ટેટ બેંકના બ્રાન્ડ એમ્બેસેડર છે. જે કર્મનું ઉમદા ઉદાહરણ છે. વધુમાં પેન્શનર્સ એસોસીએશન દ્વારા રજુ કરવામાં આવેલા તમામ પ્રશ્નોમાં સહયોગની ખાત્રી આપી.

આમ સુમેળભર્યા વાતાવરણમાં મિટીંગ સંપન્ન થઇ. અંતમાં શ્રી સુબ્રતા આર. દાસ-એજીએમ (પીપીજી) દ્વારા ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરી મિટીંગ પૂર્ણ થઇ.

## શ્રદ્ધાંજલિ



**સ્વ. જીગ્નેશકુમાર જેઠાલાલ વડુકર**

**કેશોદ, જી. જુનાગઢ**

**જન્મ: ૦૩-૧૦-૭૯ • સ્વર્ગવાસ : ૨૫-૧૨-૨૦૦૩**

**આપણા પેન્શનર્સ પરિવારના સભ્ય અને દાતા શ્રી જે. જી. વડુકર માતૃશ્રી નર્મદાબેન જે. વડુકર તમેજ વડુકર પરિવારના તમામ સભ્યો વતી એમના અમોલ રત્નસમાન સ્વ. જિજ્ઞેશકુમાર વડુકરને પરમકૃપાળું પરમાત્મા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.**

**એસબીઆઇપીએ અમદાવાદ સર્કલ**

# ફ્રી મેડીકલ નિદાન કેમ્પ





એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન અમદાવાદ સર્કલના સહયોગથી અમદાવાદના પેન્શનર્સ મિત્રો માટે તા. ૧૬-૧૨-૨૦૨૩ના શનિવારના રોજ સવારે ૯.૦૦ વાગ્યાથી શિવમ્ હોસ્પિટલ, ચૈતન્ય સોસાયટી, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે આપણાં સ્ટેટ બેંક પરિવારના સ્વ. બી. જી. અંબાણી સાહેબ (એજીએમ)ના સુપુત્ર ડો. હેમાંગ અંબાણી (એમ.એસ.ઓર્થો) અને ડો. હેમાંક્ષી અંબાણી (ઈન્ટરવેશનલ પેઈન ફિઝીશીયન) ના પિતાશ્રી સ્વ. બી. જી. અંબાણી સાહેબની સ્મૃતિમાં ઓર્થોપેડિક (હાડકા, આંખોના અને દાંતના રોગ માટે નિ:શુલ્ક નિદાન સાથે ઈસીજી, એક્ષ-રે સ્ક્રિનીંગ, બીએમડી ટેસ્ટ, ન્યુરોપેથી ચેકીંગ વિગેરે માટે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

આ કેમ્પમાં નામાંકિત ડોક્ટર્સની ટીમ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. તેમની યાદી નીચે પ્રમાણે છે.

ડો. હેમાંગ અંબાણી (સિનિ. જોઈન્ટ ની રિપ્લેસમેન્ટ સર્જન)
ડો. હેમાંક્ષી અંબાણી (ઈન્ટરવેશન પેઈન ફિજીશીયન)
ડો. ઋષિલ અંબાણી (કોર્નીયા અને ઓપ્થલમીક સર્જન)
ડો. અનેરી અંબાણી (રેટિના અને ઓપ્થલમીક સર્જન)
ડો. રાહુલ પટેલ (ઓર્થોપેડીક સર્જન)
ડો. ધવલ મહેતા (ફિઝીયોથેરાપીસ્ટ)
ડો. અમી વીરપરા (ફિઝીયોથેરાપીસ્ટ)
ડો. ગૌરાંગ રાઠવા (ફિઝીયોથેરાપીસ્ટ)
ડો. સી. યુ. બચાણી (એમ.ડી.એસ. ઓરલ સર્જરી)



કાર્યક્રમની શરૂઆતમાં ડો. હેમાંગ અંબાણી, તેમના માતુશ્રી અને સમગ્ર પરિવારની સાથે એસબીઆઇપીએના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, જો. જનરલ સેક્રેટરી શ્રી કાન્તિલાલ પરમાર, ઓર્ગેનાઇઝ સેક્રેટરી શ્રી કે. વી.શાહ, ટ્રેઝરર શ્રી રવી સોલંકી, આસી. ટ્રેઝરર શ્રી જગત પટેલ, યુનિયનના પૂર્વનેતા શ્રી એચ. એમ. પટેલ તેમજ કમિટી સભ્યો સર્વશ્રી રાજુલ ભટ્ટ, ક્રિષ્નામૂર્તિ, એ. કે. બથવાર, જીકેશ પટેલ, રાજુભાઈ શાહ, રમેશ મહાવર વિગેરેની ઉપસ્થિતિમાં આપણા પરિવારના સભ્ય સ્વ. બી. જી. અંબાણીને શ્રદ્ધાંજલિ અર્પી, દીપ પ્રગટાવી મેડીકલ કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો. મોટી સંખ્યામાં પેન્શનર્સ પરિવારના ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે ડો. હેમાંગ અંબાણી દ્વારા તેમના પિતાશ્રીની સ્ટેટ બેન્ક તેમજ સ્ટાફ માટેની લાગણીને વાચા આપવા તેમજ તેમની સ્મૃતિમાં આ જ રીતે ભવિષ્યમાં મેડીકલ કેમ્પનું આયોજન કરવાની ખેવના વ્યક્ત કરી. જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીજીએ પણ સ્વ. બી. જી. અંબાણી સાહેબને







યાદ કરી તેમના પરિવાર દ્વારા મેડીકલ કેમ્પના આયોજન માટે આભાર વ્યક્ત કર્યો. ૨૦૦ ઉપરાંત રજીસ્ટ્રેશન થયા હતા. તેમાંથી ૧૧૦ પેન્શનર્સ મિત્રોએ મેડીકલ કેમ્પનો લાભ મેળવ્યો. આમ એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન દ્વારા સભ્યોના લાભાર્થે સફળતાપૂર્વક મેડીકલ કેમ્પ યોજાઈ ગયો.

## સરાહનીય સેવાકીય પ્રવૃત્તિ



એસબીઆઇ પેન્શનર્સ એસો.ના સભ્ય અને ભાવનગર ખાતે સક્રિય રહી સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયેલ શ્રી જયેન્દ્રભાઈ દોશી કે જેઓ મૂળ તળાજાના વતની છે. નાનપણથી જ સેવાકીય પ્રવૃત્તિમાં રસ ધરાવતા હતા. ભાવનગરમાં આવ્યા બાદ ૨૦૨૩માં ભગવદ્ મંડળ-વલ્લભ મંડળની સ્થાપના કરવામાં આવી હતી. મંડળ દ્વારા બાળકો માટે પાઠશાળા, કોમ્પ્યુટર ક્લાસ અને સભ્યો માટે યાત્રાનું આયોજન કરવામાં આવેલ. યુવક-યુવતીઓ માટે મેરેજ બ્યુરો સાથે ઈન્ટરનેટ સેવા શરૂ કરેલ, ઉનાળામાં પછાત વિસ્તારમાં છાશ કેન્દ્રનું આયોજન કરેલ છે. વૈષ્ણવો માટે સારા ધાર્મિક નાટકોનું આયોજન કરેલ.

પ્રવર્તમાન સંજોગોમાં વેવિશાળ યોગ્ય યુવક-યુવતી માટે જીવનસાથી પસંદગીનો પ્રશ્ન દિન-પ્રતિદિન વધુ ને વધુ જટિલ બનતો જાય છે. તેવા સંજોગોમાં યુવક-યુવતીઓના વેવિશાળ માટે પરિચય સંમેલનનો એક મોટો વિકલ્પ પૂરો પાડેલ. જે દ્વારા તેમની પસંદગીની વિશાળ તકો ઉપલબ્ધ થાય છે. ઉપરાંત યુવક-યુવતિઓના વેવિશાળમાં મદદરૂપ થવાના શુભ આશયથી શ્રીભગવદ્ મંડળ-વલ્લભ મંડળ દ્વારા ઘણાં સમયથી ઈન્ટરનેટની સુવિધા સાથે મેરેજ બ્યુરો ચલાવવામાં આવે છે. એમના સંન્નિષ્ઠ પ્રયત્નોના ફળસ્વરૂપ લોકોના સંતાનોના સંબંધ બંધાય છે. આવી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિ કરનાર મંડળના પ્રમુખ અને આપણા પેન્શનર્સ પરિવારના શ્રી જયેન્દ્રભાઈ દોશીને અઢળક શુભકામનાઓ સાથે અભિનંદન પાઠવીએ છીએ.

## DONATION

| PF | Name | Amount |
|---|---|---|
| 2904187 | KAMLESH V. SHAH | 751/- |
| 5176409 | HASMUKHBHAI D. SHAH | 500/- |
| 8263345 | BABUBHAI G. PARMAR | 500/- |
| 733547 | PIYUSH MEHTA | 1001/- |
| 734802 | YUNUS I. MUNSHI | 1000/- |
| 713597 | MUGATKUMAR R. SHAH | 1000/- |
| 5182484 | JETHALAL VADUKAR | 1000/- |
| 334715 | OM PRAKASH B. GAJA | 5001/- |
| 8264155 | BHAGAVANJI B. MARVANIA | 5000/- |
| 5193184 | S. MIRZA | 2000/- |
| 712817 | SURESH SARPOTDAR | 10000/- |
| 703362 | HARSHADKUMAR O. SHAH | 55555/- |
| 960828 | SUSHILABEN S. PATEL | 2500/- |
| 756591 | SUNITA PARIKH | 11000/- |
| 433527 | ARVIND B. THAKKAR | 5000/- |
| 739146 | KOSHADHIKARI VAIDYA | 1001/- |
| 5170567 | TULSHIGAR H. GUSAI | 501/- |

## પ્રભુશરણ

| પી.એફ.નં. | નામ | સેન્ટર | મોબાઈલ |
|---|---|---|---|
| ૪૨૨૮૧૫ | રંજનબેન અરવિંદભાઈ શાહ (સ્વ. ૨૭-૧૧-૨૦૨૩) | નડિયાદ | ૯૮૭૯૩૪૮૪૫૩ |
| ૧૭૪૮૯૪૭ | મંજુલાબેન નરેન્દ્રભાઈ બારોટ (નરેન્દ્રભાઈ ભાઈલાલ બારોટના પત્ની) | અમદાવાદ | ૭૬૦૦૦૫૦૭૨૬ |
| ૭૩૫૭૩૬ | ભગવતીબેન લક્ષ્મીશંકર જોષી (સ્વ. ૨૧-૧૧-૨૦૨૩) (લીક્ષ્મીશંકર નાગરદાસ જોષીના પત્ની) | પાલનપુર | ૯૪૨૯૫૨૬૧૪૬ |
| ૮૨૮૧૪૧૬ | રામસંગ ડી. પરમાર (સ્વ. ૬-૧૨-૨૦૨૩) | ભાવનગર | |
| ૮૨૬૩૧૨૪ | અશ્વિનભાઈ પી. વ્યાસ (સ્વ. ૩-૧૨-૨૦૨૩) | ભાવનગર | |
| ૨૯૦૨૯૨૩ | દક્ષાબેન હસમુખભાઈ વાલા (સ્વ. ૨૩-૦૯-૨૦૨૩) | વડોદરા | ૯૬૮૭૪૬૬૯૭૮ |

પ્રભુ સર્વે સદ્ગતના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

# એક નવું સોપાન : આપણી રાજકોટ ઓફિસનું ઉદ્‌ઘાટન





તા. ૧૬-૧૨-૨૦૨૩ના રોજ રાજકોટ મુકામે આપણી એસબીઆઈપીએની ઓફિસનું સલુણી સંધ્યાએ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

- એસબીઆઈ ઓફિસર્સ ફેડરેશનના પૂર્વ જનરલ સેક્રેટરી અને પગાર વધારાના વરિષ્ઠ સંવાદક શ્રી નડાફ સાહેબના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે રાજકોટ સ્થિત પેન્શનરો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. એસબીઆઈપીએના જનરલ સેક્રેટરી દ્વારા વિસ્તાર પૂર્વક પેન્શન અપડેશન/એચઆરએમએસ/મેડીકલ તથા સીએમસી સાથે થયેલ ક્વાર્ટલી મિટીંગની વિગતવાર માહિતી આપવામાં આવી.

● ઉદ્‌ઘાટકશ્રી નડાફ સાહેબ દ્વારા પેન્શન અપડેશન/મેડીકલ વિગેરેથી માહિતગાર કર્યા. ઓફિસની ઉપલબ્ધીને એસબીઆઈપીએની એક મહાન સિદ્ધિ ગણાવી.

● મેનેજમેન્ટ તરફથી ચીફ મેનેજર એચ.આર. હર્ષ દલાલ તથા એજીએમ શ્રી કે. સી. ઝાલા હાજર રહ્યા.

● એસબીઆઈઓએ તરફથી ડીજીએસશ્રી પવન શર્મા તેમજ યુનિયનના ડીજીએસ શ્રી ચિંતન માંડવીયા દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી.

● સ્વરૂચિ ભોજન બાદ સૌ છૂટા પડ્યા.

આ પ્રસંગના મુખ્ય મહેમાન અને એસબીઆઈઓ ફેડરેશનના ભૂતપૂર્વ સેક્રેટરી અને વરિષ્ઠ નેગોશીયેટર (સેલેરી રિવીઝન) શ્રી નડાફ સાહેબ હાજર રહ્યા.

એસબીઆઈપીએના ચેરમેનશ્રી રમેશભાઈ ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ સર્વશ્રી પી. જી. પારઘી અને ચિંતક પટેલ, ડીજીએસ સર્વશ્રી મુકેશ દવે (અમદાવાદ), રાજેન્દ્ર સલોત (ભાવનગર), અશ્વિન રાઠોડ (કા.સ.-સુરત), રાજકોટ સ્થિત કારોબારી સભ્યો અને અન્ય કારોબારી સભ્યો પણ હાજર રહ્યા. એસબીએસ ફોરમના સર્વશ્રી બી. પી. જાગાણી, પી. જે. શાહ, એલ.સી. બોરડ, રાજુભાઈ સરવૈયા, લકુમભાઈ અને અન્ય સિનિયરોએ હાજર રહી પ્રસંગને દિપાવ્યો.

શ્રી નડાફ સાહેબે પોતાના વક્તવ્યમાં બેન્કરોના હિતમાં મેળવેલ સિદ્ધિઓના પાયાના પ્રશ્નો અને બેન્કરો સાથે ભાવિ પડકારોની વિગતે વાત કરી. શ્રી રમેશ ચોક્સીએ આ પ્રસંગે નવા વર્ષની શુભકામનાઓ પાઠવીને હાલમાં મળેલ સફળતાની વિગતે વાત કરી.

શ્રી કમાલભાઈ કાદરીએ એસબીઆઈ મેનેજમેન્ટ અને એસબીઆઈપીએ વચ્ચે યોજાયેલ સ્ટ્રકચર મિટીંગની વિગતે વાત કરી અને પોલિસી 'બી'ના માટે તૈયાર રહી વધુમાં વધુ મેમ્બરોને 'બી' પોલિસીનો લાભ આપવવા અનુરોધ કર્યો.

આ પ્રસંગે શ્રી બી. પી. જાગાણી, પી. જે. શાહ અને એલ.સી. બોરડે પણ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું.

સમગ્ર પ્રોગ્રામના પાયામાં શ્રી શરદભાઈ દવે-ડીજીએસ અને તેમની ટીમે ભવ્ય પુરૂષાર્થ કર્યો. જેને કારણે પ્રસંગ દીપી ઉઠ્યો હતો.


**10 Year SIP PERFORMANCE (SIP@10,000/- Month)**

| Scheme Name | Investment Value | Current Value | Return (%CAGR) |
|---|---|---|---|
| SBI Small Cap Fund | 12,00,000 | 42,33,416 | 24.14% |
| SBI Magnum MidCap Fund | 12,00,000 | 31,35,608 | 18.52% |
| SBI Contra Fund | 12,00,000 | 28,12,425 | 16.48% |
| SBI Large & Midcap Fund | 12,00,000 | 27,78,733 | 16.25% |
| SBI Magnum Global Fund | 12,00,000 | 26,52,377 | 15.37% |
| SBI Magnum Children Fund | | | |
| Invt Dt. 29/09/2020 | 1,00,000 | 2,42,000 | 48.91% |

**AMARISH R SHAH (SBI RETIRED EMPLOYEE)**
**POOJA INVESTMENT & FINANCIAL CONSULTANCY**
G/22,HEMKOOT BLDG.,NR. GANDHIGRAM RLY STATION, ASHRAM ROAD, AHD - 9.
(P) 079 - 26581394 (M) 9327008653 , 9978908869.
Contact for Mutual Funds, Company FDs, Capital Gain Bonds, Term Insurance & Medicalim.
*MUTUAL FUND INVESTMENT IS SUBJECT TO MARKET RISK.PLEASE READ OFFER DOCUMENT BEFORE INVESTING.

# બેન્કો માટે જાહેર રજાઓ-૨૦૨૪ (ગુજરાત માટે)

ક્રમાંક :ગસ/૨૭/૨૦૨૩/જસર/૧૦૨૦૨૩/૯૩૦/ઘઃ- ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૮મી મે, ૧૯૬૮ના જાહેરનામા ક્રમાંક:૩૯-૧-૬૮-જયુડીએલ ૩ સાથે વંચાણમાં લેતાં ૧૮૮૧ના વટાઉખત અધિનિયમ (૧૮૮૧ના ૨૬મા)ની કલમ-૨૫ના ખુલાસાને અનુસરીને ગુજરાત સરકાર, રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા અમદાવાદના પરામર્શમાં ૨૦૨૪ના વર્ષ દરમ્યાન નીચેના દિવસોને બેન્કો માટે જાહેર રજા તરીકે જાહેર કરે છે.

| ક્રમ જાહેર રજાનું નામ | તારીખ-વાર |
|---|---|
| ૧. પ્રજાસત્તાક દિન | ૨૬ જાન્યુઆરી-૨૦૨૪, શુક્રવાર |
| ૨. મહા શિવરાત્રી | ૦૮ માર્ચ-૨૦૨૪, શુક્રવાર |
| ૩. હોળી બીજો દિવસ(ધુળેટી) | ૨૫ માર્ચ-૨૦૨૪, સોમવાર |
| ૪. ગુડ ફ્રાઈડે | ૨૯ માર્ચ-૨૦૨૪, શુક્રવાર |
| ૫. રમજાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર) | ૧૧ એપ્રિલ-૨૦૨૪, ગુરૂવાર |
| ૬. શ્રી રામ નવમી (ચૈત્ર સુદ-૯) | ૧૭ એપ્રિલ-૨૦૨૪, બુધવાર |
| ૭. ઈદ-ઉલ-અદહા-(બકરી ઈદ) | ૧૭ જૂન-૨૦૨૪, સોમવાર |
| ૮. સ્વાતંત્ર્ય દિન | ૧૫ ઓગષ્ટ-૨૦૨૪, ગુરૂવાર |
| ૯. રક્ષાબંધન (શ્રાવણ સુદ-૧૫) | ૧૯ ઓગષ્ટ-૨૦૨૪, સોમવાર |
| ૧૦. જન્માષ્ટમી(શ્રાવણ વદ-૮) | ૨૬ ઓગષ્ટ-૨૦૨૪, સોમવાર |
| ૧૧. સંવત્સવરી (ભાદ્રપદ સુદ-૪) | ૦૭ સપ્ટેમ્બર-૨૦૨૪, શનિવાર |
| ૧૨. ઈદ-એ-મિલાદુન્નબી | ૧૬ સપ્ટેમ્બર-૨૦૨૪, સોમવાર |
| ૧૩. મહાત્મા ગાંધીનો જન્મદિન | ૨ ઓક્ટોબર-૨૦૨૪, બુધવાર |
| ૧૪. (૧) સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન | ૩૧ ઓક્ટોબર-૨૦૨૪, ગુરૂવાર |
| (૨) દિવાળી (દિપાવલી) | ૩૧ ઓક્ટોબર-૨૦૨૪, ગુરૂવાર |
| ૧૫. નૂતન વર્ષ દિન (વિક્રમ સંવત-૨૦૮૧, બેસતું વર્ષ (કારતક સુદ-૧) | ૨ નવેમ્બર ૨૦૨૪, શનિવાર |
| ૧૬. નાતાલ | ૨૫ ડિસેમ્બર-૨૦૨૪, બુધવાર |

**નોંધઃ (૧) નીચેની રજા રવિવાર આવતી હોવાથી જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી.**

| | |
|---|---|
| ૧. મકરસંક્રાંતિ | ૧૪ જાન્યુઆરી-૨૦૨૪, રવિવાર |
| ૨. ડો. બાબાસાહેબ આંબેડકર જન્મદિન | ૧૪ એપ્રિલ-૨૦૨૪, રવિવાર |
| ૩. મહાવીર જન્મ કલ્યાણક | ૨૧ એપ્રિલ-૨૦૨૪, રવિવાર |
| ૪. ભાઈબીજ (કારતક સુદ-૨) | ૩ નવેમ્બર-૨૦૨૪, રવિવાર |

# એસબીઆઈપીએ-રાજકોટ યુનિટ દ્વારા વૃદ્ધાશ્રમમાં દિપોત્સવી પર્વની ઉજવણી



એસબીઆઈપીએ-રાજકોટ યુનિટ દ્વારા દિપાવલી પર્વ નિમિત્તે વૃદ્ધાશ્રમમાં રહેતા માવતરોના જીવનમાં આનંદનો ઉજાસ પાથરવા ઢોલરા ગામમાં આવેલ "દિકરાનું ઘર" વૃદ્ધાશ્રમમાં પેન્શનર્સ એસોસીએશનના રાજકોટ મોડ્યુલના ડીજીએસ શ્રી શરદચંદ્ર દવેના માર્ગદર્શન હેઠળ પંદરથી વધુ સભ્યોએ રૂબરૂ જઈને દરેક માતાઓને સાડી અને દરેક દાદાને ઝભ્ભા-લેંઘાની નાની એવી સેવા અર્પણ કરી, મીઠા મોં કરાવેલ અને તેમના આશિર્વાદ મેળવ્યા. પ્રસંગ ખૂબ જ લાગણીસભર અને ભાવવાહી વાતાવરણ વચ્ચે સંપન્ન થયો.

## પ્રેરણાદાયક પ્રસંગ

આપણા પેન્શનર્સ પરિવારના પાટણના સભ્યશ્રી પુષ્કરભાઈ જોશી તા. ૧૮ જુલાઈના રોજ, બ્રહ્મસમાજના ૨૦૦ ભાઈઓ-બહેનો સાથે વારાણસી ગયેલા. પ્રવાસ દરમિયાન એક દિવસ અયોધ્યા ગયા. ત્યાં સરયુ નદીમાં નહાવા માટે ગયા. તેઓ તરીને થોડી દૂર સુધી ગયા. એક ભાઈ પગથિયે હતા. પાણીમાં અંદર જતાં જતાં ઊંડાણ આવ્યું અને માટીમાં અંદર સરકવા લાગ્યા અને બૂમ પડી ડૂબે છે ડૂબે છે. તેઓ તરતા તરતા તેમની નજીક ગયા. જે ભાઈ ડૂબતા હતા તેમનું શરીર ભારે હતું. તેમને લાંબો હાથ કરવા કહ્યું. તેમની એક આંગળી પકડી અને તેઓ સ્થિર થયા. અંદર સરકતા થોડા અટક્યા. કિનારા ઉપરના લોકોને તેમણે બૂમ પાડી એક-બે જણ જલ્દી આવો. એક યુવાન કૂદકો મારી આવ્યો. તેણે દૂર રહીને તેઓ હાથ પકડવા કહ્યું. ધીરે ધીરે ડૂબતા ભાઈને ખેંચીને કિનારે લાવ્યા અને ભાઈ બચી ગયા. આમ પ્રભુ કૃપાથી કોઈકનો જીવ બચાવવામાં નિમિત્ત બનવાનો અતિ આનંદ થયો. આ એક પ્રેરણાદાયક કિસ્સો છે. જીવનમાં આવા કિસ્સામાં જરૂરથી કોઈને મદદરૂપ થશો તો પ્રભુ પણ રાજી થશે. અભિનંદન પુષ્કરભાઈ.




*With Best Compliments*

*from*

**Dr. Manjit Sing Bhalla**

**Dental Surgeon (B.D.S.)**

to

**SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE**

**Bhalla Dental Clinic and Implant Centre**

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

**(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm**

**Note : Free Consultation for All SBI Pensioners**



આંખોની શ્રેષ્ઠ સંભાળ એટલે
તેજ આઈ સેન્ટર
TEJ EYE
CENTER
THE EYE HOSPITAL
SBI, eSBI પેન્શનર્સ અને તેમના Spouse ને નિ:શુલ્ક કન્સલટેશન
તેમજ સંપૂર્ણ કેશલેસ સુવિધા ઉપલબ્ધ
અનુભવી
નિષ્ણાત ની ટીમ
આધુનિક ટેકનોલોજી
અને સુવિધા
આંખની તમામ સારવાર
એક જ છત નીચે
અમારી સેવાઓ
મોતિયા
ઝામર
રેટિના
ડાયાબિટીક રેટિનોપેથી
લેસિક (ચશ્માં ના નંબર ઉતારવાની સર્જરી)
કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટ
ડ્રાય આઈની સંભાળ
બાળકો ના આંખો ની સારવાર
દરેક પ્રકાર ના આંખો ની સારવાર
અમદાવાદની શ્રેષ્ઠ
આંખની હોસ્પિટલ
TOI હેલ્થ સર્વે
૨૦ વર્ષમાં
૫ લાખથી પણ વધુ
લોકોનો વિશ્વાસ
૫૦,૦૦૦ થી વધુ
સફળ મોતિયાના
ઓપરેશન
Google
4.8
1600+ Reviews
એપોઈન્મેન્ટ બુક કરવા માટે
77780 57500
www.tejeyecenter.com
ગાંધીનગર
વિજય ચાર રસ્તા
ચાંદખેડા
મોડાસા
Follow us

# મેડિકલ ઈન્સ્યોરન્સ ‘બી’ પોલિસી

મેડિકલ ઈન્સ્યોરન્સ ‘બી’ પોલિસીનો સરક્યુલર તા. ૨૫મી ડિસેમ્બર સુધીમાં ઈસ્યુ થવાનો છે. તો તમામ પેન્શનરોએ રિન્યુઅલ પ્રિમિયમ ઓનલાઈન ભરવા માટે એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા જે વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યાં જઈ પોલિસીનું પ્રિમિયમ સત્વરે તા. ૧લી જાન્યુઆરી થી ૧૫મી જાન્યુઆરી સુધીમાં ભરી દેવું. બેંક તરફથી ઈસ્યુ થનાર સરક્યુલરમાં રિન્યુઅલની સાથે જેમણે આજદિન સુધી મેડિકલ ‘બી’ પોલિસી લીધેલ ન હોય તેમને પણ તક મળે તેવી શક્યતા છે. જેની હમણાં જ યોજાયેલી સ્ટ્રક્ચર મિટીંગમાં મેનેજમેન્ટ તરફથી માહિતી આપવામાં આવી હતી. જેથી જે સભ્યો હજુ સુધી પ્રિમિયમ ભરી શક્યા નથી તેઓએ સરક્યુલર આવ્યા બાદ તુરત જ યોગ્ય પ્રિમિયમ ભરી ‘બી’ પોલિસીના સભ્ય થઈ જવું જોઈએ. વધુમાં ૩ લાખની પોલિસી લેનારને કુલ ૯ લાખની પોલિસીનો ફાયદો મળે છે. ૬ લાખની પોલિસીનું પ્રિમિયમ બેંક ભરે છે. આવી સગવડ કઈ બેંક કે વીમા કંપની આપે છે? ૬૫ થી ૭૦ વર્ષની ઉંમરના સભ્યોએ કોઈ પણ વિચાર કર્યા વગર ‘બી’ પોલિસીના સભ્ય થઈ જવું જોઈએ.

ઘણાં સભ્યો એમ વિચારે છે કે અમારી તબિયત સારી છે. પણ ક્યારે કોરોના જેવી બિમારી આવી પડે તે નક્કી નથી. વધતી ઉંમરના કારણે બે માંથી એકને કાંઈ ને કાંઈ બિમારી આવે ત્યારે આ પોલિસી બહું મદદરૂપ થઈ પડે. કેટરેક્ટ (મોતિયા), પગના ઘૂંટણના ઓપરેશન સામાન્ય થઈ ગયા છે માટે આ પોલિસી દરેક સભ્યને લેવા ખાસ ભલામણ છે. કોઈપણ સભ્યને જરૂર પડે તો પેન્શનર્સ એસોસીએશન ઓફિસનો સંપર્ક કરવા વિનંતી છે.

એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા દરેક એડમિન લેવલે ઓનલાઈન પ્રિમિયમ ભરવા માટે નીચે દર્શાવેલ સેન્ટર ખાતે પોતાના વોલેન્ટીયર દ્વારા સેવા આપવામાં આવશે. તો તમામ પેન્શનરોએ આ સેવાનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.

| ક્રમ | એડમિનનું નામ | સ્થળ | હોદ્દેદાર/ વોલિયન્ટર્સનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| ૧) | અમદાવાદ | એસબીઆઈ ઝોનલ ઓફિસ, આંબાવાડી ખાતે | કમાલ કાદરી<br>સુભાષ પટેલ<br>જીકેશ પટેલ | ૯૮૨૫૫ ૭૮૬૧૯<br>૭૬૦૦૦ ૩૫૨૯૫<br>૭૬૦૦૦ ૫૧૨૫૧ |
| ૨) | | એસબીઆઈ અમદાવાદ મુખ્ય શાખા ખાતે | ગુણવંત પટેલ<br>કાન્તીલાલ પરમાર<br>રવી સોલંકી | ૯૭૨૪૦ ૦૧૧૯૯<br>૯૮૯૮૦ ૦૦૪૪૪<br>૭૬૦૦૦ ૬૫૧૫૮ |
| ૨) | ગાંધીનગર | એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે,<br>એસબીઆઈપીએ ઓફિસ | વસ્તાભાઈ વણકર<br>શૈલેશ જોશી<br>પ્રદિપ પટેલ | ૯૮૯૮૨ ૨૩૧૨૯<br>૯૮૭૯૮ ૧૯૬૫૭<br>૯૭૭૯૫ ૫૯૪૦૧ |
| ૩) | વડોદરા | પેરેડાઈઝ કોમ્પ્લેક્ષ, ૫મો માળ, એસબીઆઈપીએ ઓફિસ | આર. એન.ચોક્સી<br>સુધીર જાની | ૭૬૦૦૯ ૭૮૮૩૮<br>૭૬૦૦૦ ૧૭૪૨૦ |
| ૪) | સુરત | ઝોનલ ઓફિસ-સુરત | આર. આર. દેસાઈ<br>અશ્વિન રાઠોડ | ૯૮૨૫૨ ૫૫૨૨૨<br>૯૯૭૮૯ ૦૪૫૪૦ |
| ૫) | ભાવનગર | એસબીઆઈ ઝોનલ ઓફિસ, એચ.આર. ડિપાર્ટમેન્ટ | રાજેન્દ્ર સલોટ<br>અને ટીમ | ૯૪૦૮૯ ૬૭૩૭૪ |
| ૬) | રાજકોટ | એસબીઆઈપીએ ઓફિસ, એનઆરઆઈ બ્રાન્ચ પાસે,<br>હોસ્પીટલ ચોક, રાજકોટ | શરદચંદ્ર દવે<br>દક્ષિણ જોશી | ૯૦૯૯૦ ૯૦૮૦૬<br>૯૪૦૮૦ ૪૫૪૫૪ |


અમે
સ્ટ્રોક
(બ્રેઈન એટેક)
જેવી ઇમર્જન્સી માટે છીએ કાયમ તૈયાર
યોગ્ય સમયે, યોગ્ય દેખભાળ શ્રેષ્ઠ પરિણામો આપે છે.
નિષ્ણાતોની ટીમ
ન્યુરોલોજીસ્ટ
ડૉ મુકેશ શર્મા • ડૉ કેવલ ચાંગડિયા
પાર્કિન્સન, DBS અને મૂવમેન્ટ ડિસઓર્ડર્સ નિષ્ણાત
ડૉ નરેન્દ્ર બારડ
Marengo CIMS Hospital
• અદ્યતન સાધનો, માર્ગદર્શિકા અને પ્રોટોકોલ સાથે એક સમર્પિત સ્ટ્રોક યુનિટ
• સ્ટ્રોક સ્પેશિયાલિસ્ટ, ઇન્ટરવેન્શનલ ન્યુરોલોજીસ્ટ અને ન્યુરોસર્જનની 24x7 ઉપલબ્ધતા
• 24x7 MRI અને CT સ્કેન • સ્ટ્રોક એમ્બ્યુલન્સ
• સમર્પિત ન્યુરો કેથ લેબ
• ન્યુરો ICU ઇન્ટેન્સિવિસ્ટ અને પ્રશિક્ષિત નર્સિંગ દ્વારા ત્વરિત સપોર્ટ
• ઇમરજન્સી રૂમમાં મૂલ્યાંકન અને સ્ટ્રોકની ચોક્કસ સમયમર્યાદામાં યોગ્ય સારવાર
સ્પાઇન ક્લિનિક
સ્પાઇન સર્જરીમાં
શ્રેષ્ઠ પરિણામ માટે પ્રતિબદ્ધ
મેરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં
અત્યાધુનિક સ્પાઇન સર્જરીઓ
નિષ્ણાતોની ટીમ
ડો વાય સી શાહ +91 98240 37137
ડો ટીકેબી ગણપથી +91 98795 26241
ડો તુષાર શાહ +91 98250 68960
+91 98250 73030
ડો દેવેન ઝવેરી +91 98242 80706
+91 98790 02557
+91 77689 83539
ડો ચિરાગ સોલંકી +91 74061 77409
ડો દિપક દેસાઈ +91 94274 90782
+91 97129 32107
એક્સપર્ટ કન્સલ્ટેશન
એક્સ-રે
પેથોલોજી તપાસ CBC/RBS/TSH
રૂ. 5000/- રૂ. 1900/-*
૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી
સ્પાઇનને લગતી તમામ સમસ્યાઓનું નિવારણ એક જ સ્થળે
તમારા લીવરમાં ચરબી અને ફાઇબ્રોસિસ છે કે નહિ તે જાણવા આજે જ
ફાઇબ્રો સ્કેન
કરાવો
ખાસ ડિસ્કાઉન્ટ દર
Rs. 6000/- Rs. 2500/-
ફાઇબ્રોસ્કેન કેવી રીતે કામ કરે છે?
ફાઇબ્રોસ્કેન એ એક સરળ, પીડારહિત, નોન-ઇન્વેસિવ પ્રોસિજર છે, જેનો ઉપયોગ લીવરના સ્વાસ્થ્યનું ચોક્કસ મૂલ્યાંકન કરવા માટે થાય છે.
ફાઇબ્રોસ્કેન ક્યારે કરાવવું જોઈએ?
• ફેટી લીવર રોગ • સિરોસિસ
• આલ્કોહોલિક લીવર રોગ
• ક્રોનિક હેપેટાઇટિસ B&C
• ઓબેસિટી • લીવરની અન્ય સમસ્યાઓ
ફાઇબ્રોસ્કેન એ FDA દ્વારા માન્ય ઉપકરણ છે.
વધુ જાણકારી માટે સંપર્ક કરો : મિલન પ્રજાપતિ +91 99746 52120
મૅરિંગો સિમ્સ હૉસ્પિટલ
ઑફ સાઇન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ – 380060.
JCI (USA) NABH
For emergency or appointment,
1800 309 9999


SBI | HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો, આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરો: 1800 11 2018 | અહીં મુલાકાત કરો: homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે
અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફોલો કરો

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023



## ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

| ડો. પ્રતાપ દેસાઈ | ડો. હેમાક્ષી પી. દેસાઈ | ડો. સુરોહી શાહ |
|---|---|---|
| M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) |

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર અત્યાધુનિક સુવિધા સાથે જુનો વિશ્વાસ

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ચ, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦
એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ● સમયઃ સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ● ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિઃસ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ રક્ષા ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.
(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિઃશુલ્ક કન્સલ્ટેશન

● એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ ●
સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ

**મંથલી મિટીંગ :** જાન્યુઆરી માસની મંથલી મિટીંગ તા. ૧૭/૦૧/૨૦૨૪ના રોજ બુધવારે બપોરે ૩.૩૦ કલાકે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, લોકલ હેડ ઓફિસ, ભદ્ર અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com ● whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**પેન્શનર્સ પ્રકાશ ● વર્ષ - ૧૬ ● અંક : ૧૨ ● પ્રકાશન તા. ૨૬-૧૨-૨૦૨૩**
**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

**Editor : Kamal Kadri** **Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel**

If undelivered please return to :
● પ્રકાશન સ્થળ ●
**એસબીઆઈ ઝોનલ ઓફિસ**
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫